Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વિનયન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન MSW અભ્યાસક્રમ ચલાવતી અનુસ્નાતક કોલેજોનાં આચાર્યશ્રીઓને તથા ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી અમલમાં આવનાર MSW (સ્વનિર્ભર) અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તરો લખવા તેમજ ફિલ્ડવર્ક ડેઝરટેશન વગેરેની કામગીરીમાં અંગ્રેજી ઉપરાંત ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવા બાબતે વિચારણા કરતા MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬–૦૭–૨૦૧૯ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ પર વિચારણા કરતા વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૯ અન્વયે એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલએ તેની તા.૦૯/૦૩/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૮ થી સ્વીકારી મંજૂર કરેલ છે. તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદ્ઉપરાંત તેનો અમલ કરવો.

**<u>MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬–૦૭–૨૦૧૯ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અભ્યાસસમિતિ પુખ્ત વિચારણાને અંતે મુખ્ય મુદ્દાએ તારવવામાં આવેલ છે કે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન એમ.એસ.ડબલ્યુ. અભ્યાસક્રમમાં નિયત ઈન્ટેક કરતાં નિરંતર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળેલ છે જે અંગે વિભાગના વડા ધ્વારા પ્રાથમિક અવલોકન આધારે જણાવેલ છે કે આ અભ્યાસક્રમની પરીક્ષા તથા ડેઝરટેશન ફકત અંગ્રેજી ભાષામાં આપવામાં આવતા હોવાથી આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓની સંખ્યામાં ક્રમશઃ ઘટાડો જોવા મળેલ છે અગર યુનિવર્સિટી ધ્વારા વિદ્યાર્થીઓને આ અભ્યાસક્રમની પરીક્ષા તથા ડેઝરટેશન અંગ્રેજી ઉપરાંત ગુજરાતી ભાષામાં પણ વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમની પરીક્ષા તથા ડેઝરટેશન આપવાની છૂટ આપવામાં આવે તો ક્રમશઃ વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાને પણ ભરપાઈ કરી શકાય એમ છે જેથી આ સમિતિ પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાની સાથે ગુજરાતી ભાષામાં પરીક્ષા તથા ડેઝરટેશન લખવાની છૂટ આપવામાં આવે એવી વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬–૦૭–૨૦૧૯ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ અંગેપુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાની સાથે ગુજરાતી ભાષામાં પરીક્ષા તથા ડેઝરટેશન લખવાની છૂટ આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૦૯/૦૩/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૮</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે,MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬–૦૭–૨૦૧૯ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ અંગે પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાની સાથે ગુજરાતી ભાષામાં પરીક્ષા તથા ડેઝરટેશન લખવાની છૂટ આપવા કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૦૮/૦૨/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ અન્વયે સ્વીકારેલ, તે મંજૂર કરવામાં આવે છે.

(બિડાણઃ ઉપર મુજબ )

ક્રમાંકઃએકે/પરિપત્ર/૩૮૨૪/૨૦૨૧
તા. ૧૬–૦૩–૨૦૨૧

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,
૧)વિનયન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન MSW અભ્યાસક્રમ ચલાવતી અનુસ્નાતક કોલેજોનાં આચાર્યશ્રીઓ.
૨)અધ્યક્ષશ્રી, વિનયન વિદ્યાશાખા.
૩)પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૪) પી.જી. વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત..........તરફ જાણ તેમજ અમલ સારૂ.